ગાંધીનગરથી દર ગુરૂવારે પ્રકાશિત થતું સાપ્તાહિક

Permitted by SSP GNR to Post at GNR Stg
Every Thursday Under Regd. No. : G GNR - 214 / 2012-14

ओ३म्
अस्माकं वीरा उत्तरे भवन्तु


॥ कृण्वन्तो विश्वमार्यम् ॥

# અગ્નિપથ

વર્ષ : ૧૪ અંક : ૪૪ તંત્રી : અરવિંદ કે. રાણા ● તારીખ : ૩૧-૧૦-૨૦૧૩, ગુરૂવાર R.N.I. No. GUJGUJ/2000/1951 www.thearyasamaj/agnipath ● કિંમત : રૂા. ૪.૦૦ ● પાના : ૪

## આર્યસમાજ, જુનાગઢના પ્રમુખશ્રી પેથલજીભાઈ નાથાભાઈ ચાવડાનું દેહાવસાન

જુનાગઢ



આર્યસમાજ, જુનાગઢના પ્રમુખશ્રી પેથલજીભાઈ નાથાભાઈ ચાવડાનું ટૂંકી બિમારી બાદ ગત તા. ૨૫મી ઓક્ટોબર, ૨૦૧૩ના રોજ નિધન થયેલ છે.

તેઓ જાણીતા કન્યા કેળવણીકાર અને પીઢ રાજકીય તેમજ સામાજીક આગેવાન હતા. ડૉ. સુભાષ એકેડમીના કુલપિતા હતા. તેમની ઈચ્છા પ્રમાણે તેમની અંતિમ યાત્રા બેન્ડવાજા સાથે શહેરના મુખ્ય માર્ગોથી પસાર કરી સ્મશાનમાં લાવવામાં આવી હતી.

સ્મશાન યાત્રામાં શહેરના પ્રતિષ્ઠિત વ્યક્તિઓ, રાજકીય-સામાજીક-શૈક્ષણિક આગેવાનો, પ્રજાજનો હજારોની સંખ્યામાં જોડાયા હતા. અનેક સ્થળોએ ફુલોના હાર દ્વારા સન્માનીત કરવામાં આવ્યા હતા. આર્યસમાજ, જુનાગઢ પાસે પણ સમાજના પદાધિકારીઓ તેમજ સભ્યો દ્વારા સન્માનીત કરી સદગત્‌ને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

સોનાપુરી સ્મશાનમાં આર્યસમાજ દ્વારા અંતિમ સંસ્કાર પુરેપુરી રીતે વૈદિક મંત્રોચ્ચાર દ્વારા ગાયના ઘી, સામગ્રી, ચંદન, કપુર, તેલ વગેરેનો ભરપૂર માત્રામાં ઉપયોગ કરી હજારોની સંખ્યામાં આહૂતિ આપી પંચમહાભૂતમાં તેમના પાર્થિવ દેહનું વિલિનીકરણ કરવામાં આવ્યું હતું.

આ સમયે તેમના પરિવારની બહેનો તથા આર્યસમાજની બહેનો પણ જોડાઈ હતી અને શ્રદ્ધાંજલિની આહૂતિ આપી હતી. આર્યસમાજ જુનાગઢને એક મોટી ખોટ પડી છે. તેમના પુત્ર શ્રી જવાહર ચાવડા માણાવદર વિસ્તારના ધારાસભ્ય છે. ઈશ્વર તેમને તથા તેમના પરિવારને સહન શક્તિ-સાર્થ્ય આપે અને તેમના અધુરા કાર્ય આગળ વધારે તેવી પરમાત્માને પ્રાર્થના....

અગ્નિપથ પરિવાર આર્યશ્રેષ્ઠી શ્રી પેથલજીભાઈ ચાવડાને સ્મરણાંજલિ અર્પે છે.




વૈચારિક ક્રાંતિ માટે વાંચો
મહર્ષિ દયાનંદ સરસ્વતી કૃત
**સત્યાર્થ પ્રકાશ**
દરેક આર્યસમાજોમાં ઉપલબ્ધ


## આર્યસમાજ, જુનાગઢના પ્રમુખશ્રી પેથલજીભાઈ નાથાભાઈ ચાવડાને આર્યસમાજ, જુનાગઢ દ્વારા શ્રદ્ધાસુમન અર્પણ



**સ્વ. પેથલજીભાઈ નાથાભાઈ ચાવડા**

**સ્વ. તા. ૨૫-૧૦-૨૦૧૩**

જીવન જીવ્યા આપ ખુમારીથી
સંસ્થા ચલાવી સહજતાથી
સજ્જનતા આપની સુવાસ હતી
પરોપકાર આપનું જીવન હતું
પિતૃપ્રેમ મળ્યો આપનો સદા અમને
આર્યસમાજ, જુનાગઢ યાદ કરશે આપને
મંત્રી -કાંતિભાઈ કીકાણી
ઉપપ્રમુખ - હુંદરાજભાઈ અડવાણી
ખજાનચી - શામજીભાઈ ઉસદડીયા
તથા આર્યસમાજ, જુનાગઢ પરિવાર


**મહર્ષિ દયાનંદ સરસ્વતી નિર્વાણ દિન નિમિત્તે**

અગ્નિપથ પરિવાર તરફથી
હાર્દિક શુભકામના .........





**મહર્ષિ દયાનંદ સરસ્વતી નિર્વાણ દિન નિમિત્તે**

અગ્નિપથને
હાર્દિક અભિનંદન .........





**દરેક સાઈઝમાં હવન કુંડ મેળવવા સંપર્ક કરો**

**શ્રી કિર્તીકુમાર બી. સોની**
**૧૦૫, શ્રીનાથનગર,**
**ઘાટલોડિયા અમદાવાદ મ**
**મો. ૯૮૨૫૭૦૩૦૧૬**


## મહર્ષિ દયાનંદ સરસ્વતી નિર્વાણ દિન નિમિત્તે

**અગ્નિપથનો**

**હાર્દિક અભિનંદન .........**

વેદાભ્યાસેન સતતં શૌચેન તપસૈવ ચ ।
અદ્રોહેણ ચ ભૂતાનાં જાતિં સ્મરતિ પૌર્વિકીમ્ ॥

मनुस्मृति १४८ (३९)

મનુષ્ય નિરંતર વેદનો અભ્યાસ કરવાથી શારીરિક અને આત્મિક પવિત્રતાથી તથા તપસ્યાથી પ્રાણીઓ સાથે દ્રોહભાવના ન રાખીને અર્થાત્ અહિંસાની ભાવનાને રાખીને પૂર્વજન્મની અવસ્થાને સ્મરણ કરી લે છે.

**શ્રી રાજેષભાઈ પ્રવિણચંદ્ર પારેખ - પ્રમુખશ્રી, આર્યસમાજ,ભાવનગર**
**શ્રી વિક્રમસિંહ બળવંતસિંહ ગોહીલ - મંત્રીશ્રી**
**શ્રી જયેન્દ્રસિંહ નિરૂભા ચુડાસમા - કોષાધ્યક્ષશ્રી**
**શ્રી લવજીભાઈ કે. પટેલ - ઉપપ્રમુખશ્રી**
**શ્રી વિજયભાઈ ચંપકલાલ પારેખ - સહમંત્રીશ્રી**

## મહર્ષિ દયાનંદ સરસ્વતી નિર્વાણ દિન નિમિત્તે

**અગ્નિપથનો**



**હાર્દિક અભિનંદન .........**

મંગલાચારયુક્તાનાં નિત્યં ચ પ્રયતાત્મનામ્ ।
જપતાં જુહ્વતાં ચૈવ વિનિપાતો ન વિદ્યતે ॥

मनुस्मृति १४६ (३७)

જે સદા કલ્યાણકારી કાર્યોમાં લાગી રહે છે અથવા જે સદાચારનું પાલન કરે છે એ જે હંમેશા આત્માની ઉન્નતિને માટે પ્રયત્નશીલ રહે છે તથા જે પરમાત્માનો જપ કરે છે, જે હવન કરે છે, તેની અવનતિ નથી થતી અર્થાત્ તેનું જીવન પતન તરફ જતું નથી.

**શ્રી પોપટભાઈ ચૌહાણ - પ્રમુખશ્રી, આર્યસમાજ, હાથીખાના, રાજકોટ**
**દિવંગત્ શ્રીમતી આનંદાબેન ચૌહાણ**
**શ્રી રમેશભાઈ ચૌહાણ (કેનેડા) શ્રી જયંતભાઈ ચૌહાણ (કેનેડા)**
**શ્રી અશ્વીનભાઈ ચૌહાણ (યુ. કે.) સુશ્રી નલીનીબેન શાહ (યુ.કે.)**

## મહર્ષિ દયાનંદ સરસ્વતી નિર્વાણ દિન નિમિત્તે

**અગ્નિપથનો**

**હાર્દિક અભિનંદન .........**



**અગ્નિપથ પર ચાલતા રહીને 'અગ્નિપથ' ને ટકાવવા તથા વિકસાવવા માટે કટિબદ્ધ ટીમને શત્ શત્ વંદન**



**વિજય રાવલ**
**મોરબી**

## મહર્ષિ દયાનંદ સરસ્વતી નિર્વાણ દિન નિમિત્તે

**અગ્નિપથનો**

**હાર્દિક અભિનંદન .........**

**'વેદો તરફ પાછા વળો' નો સંદેશો ફેલાવનાર તથા સત્યમાર્ગ દેખાડનાર યુગ પ્રવર્તક મહર્ષિ દયાનંદ સરસ્વતીજીના ૧૩૦મા નિર્વાણ દિન નિમિત્તે**

**સત્ સત્ નમન......**

**મંત્રી - કાંતીભાઈ કિકાણી તથા આર્યસમાજ, દાતાર રોડ, જુનાગઢના પદાધિકારીઓ અને સદસ્યગણ**

**वाच्यर्था नियताः सर्वे वाड्मूला वाग्विनिःसृताः ।**
**तांत्सु यः स्तेनयेद्वाचं स सर्वस्तेयकृन्नरः**

मनुस्मृति २५६(८६)

**જે વાણીમાં સર્વ અર્થ-વ્યવહાર નિશ્ચિત છે, વાણી જ જેનું મૂળ અને વાણીથી જ સર્વ વ્યવહાર સિદ્ધ થાય છે. તે વાણીને જે મનુષ્ય ચોરે છે અર્થાત મિથ્યા ભાષણ કરે છે તે જાણે સર્વ ચોરી આદિ પાપ જ કરે છે. આથી મિથ્યાભાષણ છોડી સત્યભાષણ કરવું**

## તંત્રી સ્થાનેથી....

## પોલીસ જો હવે પુરી શક્તિથી કસાઈઓને કાબુમાં લેવાનો પ્રયત્ન નહીં કરે તો, પોલીસનો ભય ઘટતો જશે

ગુજરાત સરકારે ગૌવંશની હત્યાને અટકાવવા માટે જે કાયદો બનાવ્યો છે તે ખરેખર અત્યંત પ્રશંસનીય કાર્ય છે. ગુજરાતનું એ દુર્ભાગ્ય છે કે ગુજરાતમાં ગૌવંશની હત્યા અટકાવવા માટેનો કાયદો બન્યા પછી સામાજિક, સ્વૈચ્છિક, ધાર્મિક સંગઠનો કે પ્રજા તરફથી જોઈએ તેટલો પ્રતિભાવ સાંપડ્યો નહી. ગુજરાતની વર્તમાન સરકારને ગૌરક્ષા માટે કરેલ પ્રયત્નો બદલ જેટલાં અભિનંદન આપીએ તેટલાં ઓછા છે.

સરકારે કાયદો તો બનાવી દીધો છે પરંતુ તેનો અમલીકરણ પુરુષાર્થ સાધ્ય છે. ગેરકાયદેસર કતલખાના ચલાવનાર કસાઈઓ અત્યંત ક્રુર સ્વભાવના હોય તે સમજી શકાય તેમ છે. આવા ઘાતકી અને ક્રુર લોકોને અંકુશમાં લેવા પોલીસે પણ સાહસિક કદમ ઉઠાવવા પડે. ગુજરાતના પોલીસ વિભાગે આ અંગે કડક વલણ અપનાવ્યું છે તે પ્રશંસનીય છે.

પોલીસના દબાણથી બેબાકળાં થયેલા કસાઈઓએ તાજેતરમાં વડોદરા ખાતે પોલીસ ઉપર હુમલાનો હિચકારો પ્રયાસ કર્યો હતો. વારંવાર ગૌમાંસ ભરેલી ટ્રકો પકડાઈ રહી છે. હવે તો કસાઈઓ પણ ગાયો તથા વાછરડાંની હેરાફેરી વખતે ગેરકાયદેસર શસ્ત્રો સાથે યોજનાબદ્ધ રીતે કાર્ય કરી રહ્યાંના અહેવાલો પ્રાપ્ત થયાં છે. ગુજરાત પોલીસ જો હવે પુરી શક્તિથી કસાઈઓને કાબુમાં લેવાનો પ્રયત્ન નહીં કરે તો, કસાઈઓનું મનોબળ વધતું જશે અને પોલીસનો ભય ઘટતો જશે.

# જે વ્યક્તિના જીવનમાં યજ્ઞધર્મનું આચરણ નથી તે વ્યક્તિ પતનને પ્રાપ્ત કરી લે છે

## વેદવાણી ૪

**- શ્રીવેણુગોપાલજી (દર્શનાચાર્ય)**

॥ पृथिवी असि ॥ યજ્ઞ પૃથિવી છે. 'पृथु विस्तारे'(સ્વતંત્ર ધાતુ) થી પૃથિવી શબ્દ બને છે. યજ્ઞ લોકલોકાંતરોમાં વ્યાપક છે. જયાં સૃષ્ટિ છે ત્યાં યજ્ઞ છે. આ યજ્ઞનું અનુકરણ જે કરે છે તેનું નામ પણ યજ્ઞની જેમ ફેલાઈ જાય છે. અગ્નિહોત્રમાં આપવામાં આવેલ આહુતિ જેમ વાયુમંડળને પ્રાપ્ત થઈ દૂર દૂર સુધી ફેલાય છે તે જ રીતે યજ્ઞ દ્વારા યજ્ઞમય પુરુષની ખ્યાતિ સર્વત્ર ફેલાય છે. દેવતાનો આદર,સત્કાર તથા સન્માન જયાં થાય છે ત્યાં બધા દેવતા પ્રસન્ન થાય છે. (જડ પદાર્થોની શુદ્ધિ પણ પ્રસન્નતા શબ્દનો અર્થ છે) જે વ્યક્તિ સારા ગુણોને ધારણ કરે છે તેની મિત્રતા સંપૂર્ણ દુનિયા ઈચ્છે છે. જે દાની ઉત્તમ ઉત્તમ પદાર્થોનું દાન કરે છે તેની પાસે દૂર-દૂરથી વ્યક્તિ આવતા-જતા રહે છે. ક્રમથી યજ્ઞકર્મની સાથોસાથ તેની કીર્તિ પણ ફેલાય છે.તે સંસારનો ભગવાન બને છે (અહીં ભગવાન શબ્દ પરમાત્માપરક નથી પરંતુ

**'ऐश्वर्यस्य समग्रस्य तेजसो यशसः श्रियः ।'**
**'ज्ञान-वैराग्ययोश्चैव षण्णां भग इतीरणः ॥'**

આ પરિભાષાના આધાર પર જે ખૂબ ઐશ્વર્યશાળી છે, જે તેજસ્વી છે(વિદ્યાતેજથી યુક્ત છે), જે પોતાના સદકાર્યોથી પ્રસિદ્ધ છે, જે સંપન્ન છે, જે વિવેકી છે તથા જે વૈરાગી છે તેને ભગવાન કહેવાય છે.

॥ मातरिश्वनः धर्मः असि ॥ मातरिश्वा વાયુનું નામ છે. मातरि अन्तरिक्षे श्वयति वर्धते इति मातरिश्वा तस्य मातरिश्वनः'-અન્તરિક્ષમાં જે વધે છે, ગતિ કરે છે તેનું નામ માતરિશ્વા છે. (मातरि+दृओश्व गतिवृद्ध्योः-धातुपाठ भ्वा.७३६) વાયુને શુદ્ધ બનાવનાર છે.('धृक्षरणदीप्त्योः धा.पा.जुहो.३-१४ मक्)' યજ્ઞથી વાયુની પવિત્રતા થાય છે. યજ્ઞનું આચરણ બે પ્રકારે કરી શકાય છે.એક, દુષ્ટકર્મો તથા હાનિકારક કર્મો ન કરીને-જેમકે કૂડા-કચરાને ખુલ્લા મેદાનમાં ન ફેંકવા તથા મળત્યાગાદિ કર્યા પછી ખુલ્લા ન છોડી દેવા અર્થાત્ મળને માટીમાં દાટી દેવા. બીજું, અગ્નિહોત્ર, સફાઈ આદિ દ્વારા ગંદકીનો નાશ કરવો. આથી વાયુમંડળની શુદ્ધિ થાય છે. અગ્નિહોત્ર રાત્રિના સમયે ન કરવો જોઈએ. રાત્રે અગ્નિહોત્ર કરવાથી વાયુમંડળ બગડે છે. કારણ કે રાત્રિકાળમાં વૃક્ષ-વનસ્પતિ આદિ ભોજન બનાવતી નથી.તેની ભોજન બનાવવાની પ્રક્રિયા સૂર્યપ્રકાશમાં જ થાય છે. આથી તે રાત્રિમાં ઓક્સિજન લે છે તથા કા.ડા. છોડે છે. આથી અગ્નિહોત્રથી નીકળતો કા.ડા. વૃક્ષલતાદિ રાત્રિકાળમાં સ્વીકારતા નથી. મનુષ્ય સ્વભાવથી જ સસ્યાહારી છે તેથી વનસ્પતિઓની માફક દિવસમાં જ ભોજન લેવું જોઈએ, રાત્રિમાં નહિ. રાત્રિભોજન લેવામાં જેટલું મોડું થાય છે તેટલા પ્રમાણમાં વધુ નુકશાન થાય છે. આમ નિયમોનું પાલન ન કરવાથી તેને રક્તવિકાર, કબજીયાત,વાયુ સંબંધી રોગ વધે છે તથા પ્રાતઃ જલ્દી ઉઠવામાં રૂકાવટ આવે છે.ભોજન કરવું પણ એક યજ્ઞ છે. તેમાં આપણે ભોજનરુપી આહુતિ ઉદરરૂપી કુંડમાં સ્થિત જઠરાગ્નિમાં આપવાની હોય છે. યજ્ઞ વાયુમંડળને આ રીતે શુદ્ધ કરે છે. ॥ मातरिश्वनः धर्मः असि ॥

॥ विश्वधा असि ॥ જગતને ધારણ કરનાર છે. યજ્ઞ જ જગતની પ્રતિષ્ઠા છે. યજ્ઞનું આચરણ જ માનવધર્મ છે. યજ્ઞ ધર્મનો પર્યાય છે.યજ્ઞ ધર્મથી અલ્પમાત્રામાં પણ અલગ નથી. જે સમાજમાં, જે ઘરમાં, જે વ્યક્તિના જીવનમાં યજ્ઞધર્મનું આચરણ નથી તે સમાજ, તે ઘર, તે વ્યક્તિ પતનને પ્રાપ્ત કરી લે છે.

આથી જ ઋષિ કહે છે -''धारणाद् धर्म ईत्याहुः धर्मो धारयते प्रजाः''. જગતને ધારણ જેના દ્વારા થાય છે તે ધર્મ છે. જગતનું

**યજ્ઞ જ જગતની પ્રતિષ્ઠા છે. યજ્ઞનું આચરણ જ માનવધર્મ છે. યજ્ઞ ધર્મનો પર્યાય છે. યજ્ઞ ધર્મથી અલ્પમાત્રામાં પણ અલગ નથી.**

પતન જેના દ્વારા થાય તેનું નામ અધર્મ છે. ધર્મ જ પ્રજાની ઉન્નતિનું કારણ છે. આથી ધર્મની રક્ષા=યજ્ઞની રક્ષા થવીજોઈએ.

॥ परमेण धाम्ना दृँहस्व ॥ યજ્ઞ જ પરમધામની પ્રાપ્તિ દ્વારા આનંદને વધારનાર છે. दृहि वृद्धौ पा.धा.भ्वा.४८८ ધાતુથી दृँह શબ્દ નિષ્પન્ન થાય છે. આ લોટ 'લ'કારનો મધ્યમ પુરુષ એક વચન છે. ધર્માચરણ દ્વારા વ્યક્તિ મોક્ષ સુધી પહોંચી જાય છે. ધર્માચરણ વિના મોક્ષની વાત તો દૂર રહી સાંસારિક સુખ પણ પ્રાપ્ત કરી શકાતો નથી. આથી કહેવાયું છે કે હે યજ્ઞ તું અમારા સુખોને વધાર.॥ परमेण धाम्ना दृँहस्व ॥

॥ मा ह्वाः ॥ યજ્ઞનો પરિત્યાગ કદી કરવો જોઈએ નહિ, ભલેને મૃત્યુ પ્રાપ્ત કેમ ન થઈ જાય. કવિ કહે છે-

**न धनान्नलोभान्नभयान्नमोहात् धर्मं त्यजेज्जीवितस्याऽपि हेतोः ।**
**धर्मोनित्यःसुखदुःखेत्वनित्ये जीवोनित्यो हेतुरस्यत्वनित्यः ॥**

ધન મળશે, વધુ લાભ પણ થશે મને ભય છે, હું અજ્ઞાની છું ઈત્યાદિ કારણો દ્વારા ધર્મનો પરિત્યાગ કદી ન કરવો જોઈએ. મૃત્યુના ભયથી પણ ધર્મનો પરિત્યાગ ન કરો. ધર્મ નિત્ય છે, સુખ-દુઃખ અનિત્ય છે. અનિત્ય માટે નિત્યનો ત્યાગ કરવો ન જોઈએ. જીવ નિત્ય છે, શરીરાદિ અનિત્ય છે. આથી નિત્ય જીવને નિત્ય ધર્મનો આશ્રય લેવો જોઈએ.

તે, यज्ञपतिः मा ह्वार्षीत् = તમોને યજ્ઞના પતિ યજમાન કદી ન ત્યાગે. અર્થાત્ આળસ-પ્રમાદથી પણ યજ્ઞ કરનાર યજમાન યજ્ઞને કદી ન છોડે. તેમાં કદી ઉણપ ન લાવે. ઈશ્વર સદાય તેની તથા તેના યજ્ઞની રક્ષા કરે. (સંપૂર્ણ)

# આર્યોત્સવોની ઓળખ ઉભી કરવા કરતાં ધરતી પર આર્યત્વની અનુભૂતિ ઉભી કરવા વધારે શક્તિ, સમય અને સંપત્તિનો ઉપયોગ કરવો જોઈએ

## ચંદ્રેશ ચિંતન



**- ચંદ્રેશ આર્ય - ગાંધીધામ (૨)**

આશરે લગભગ બે કલાક સુધી તે યુવતી પોતાની વ્યથાનું વર્ણન કરતી જાય અને તેણીની આંખોમાંથી નીકળતા આંસુઓની ધારાથી તેનો પાલવ પલળતો જાય છે.

'આંખોમાંથી નીકળતા આંસુઓને આપણે પાણીથી ધોઈ શકીએ છીએ, પણ લોહીના સંબંધોને લોહીથી ધોઈ શકતા નથી.'

આઠ માસ પૂર્વ જ મારા સગા સૌથી નાના બહેનના પતિના નાની અવસ્થામાં અચાનક અવસાન પામેલ પતિ વખતે અનુભવેલી મનોવ્યથા અને દુઃખની અનુભૂતિ ફરીવાર કરી રહ્યો હતો અને રાત્રી ભોજન અને ઉંઘ પણ બરાબર ન કરી શક્યો. કારણકે વૈદિક ઋષિઓના દેશમાં આજે પતિ,સાથી કે સંબંધીઓ વિહોણી નારીઓની દુર્દશા એ મારા ચિંતનની દિશા ચાલુ કરી દીધી.

હું એ બહેનની દર્દભરી દાસ્તાન સાંભળી રહ્યો હતો તે દિવસે શીતળા સાતમનો હતો. અને બીજા દિવસે કૃષ્ણ જન્મોત્સવ મનાવવાની જોરદાર તૈયારીઓ ચાલુ હતી. જયાં દર્દભરી દાસ્તાન જે ભવનમાં સાંભળી રહ્યો હતો તેની બરાબર સામે એક વિશાળ અને ભવ્ય મંદિરમાં તે વખતે ઘંટનાદના રણકાર સાથે ભક્તોની ભીડ પૂજા અર્ચના અને આરતીમાં મસ્ત હતી. લોકોની આંધળી આસ્થા એ ભારત દેશમાં કેવા-કેવા ખેલ કર્યા છે. મંદિરમાં દૂધનો અભિષેક કરીને ઘરે જઈ દારુનો અભિષેક સ્વયં પર કરે છે. મંદિરમાં પાણી અને પુષ્પો ચડાવે અને પરિવાર તથા સમાજમાં નારીઓ માટે પરેશાની વધારે તેવા કર્મો કરે છે. અંતઃકરણ ભલે મહાભયંકર દુર્ગુણો અને કુસંસ્કારોની દુર્ગંધથી ખદબદતું હોય પણ અગરબત્તી તો ચંદનની સુગંધીથી સુવાસિત હોય. ઘંટનાદ કરનાર ભક્તને સમાજ ઉત્પીડનનો રણકાર સંભળાતો નથી. આરતી કરનારે ક્યારેય બીજાના દુઃખ-દર્દને સમજવા કે જાણવા કોઈના અંતઃકરણનો અવાજ સાંભળવાની ફુરસદ નથી. મંદિરમાં દરરોજ પૂજા કરનાર વ્યક્તિ ક્યારેય બીજાઓની પરેશાની દૂર કરવા પસીનો પાડતો જોવા મળતો નથી. અને આવા જ લોકો પાછા મંદિરમાં બેસી ચર્ચા કરતાં જોવા મળે છે કે દિકરી તો સાસરે જ શોભે, પણ કોઈએ પણ ક્યારે દિકરીને સાસરે થી પિયર આવવાનું કારણ સહાનુભૂતિ પૂર્વક પૂછ્યું નથી. અને ભ્રમિત અને કાલ્પનિક વિચારોથી સામાજીક વાતાવરણને વધુ દૂષિત કરે છે. સત્યને બરાબર જાણ્યા વગર કે વાસ્તવીક હકિકતોને પારખ્યા વગર કોઈ પણ વ્યક્તિ પર ખોટા અને કાલ્પનિક આક્ષેપો કે અનુમાનો ઉભા કરવા એ પાપ છે. કોઈની પીડા દૂર કરવા કદાચ આપણે પસીનો ના પાડી શકીએ તો કંઈ વાંધો નહિં પણ કમ સે કમ પાપ માં તો ન જ પડવું જોઈએ. આ વાતને સમજવા માટે વિશુદ્ધ વૈદિક જ્ઞાન-વિજ્ઞાનની આવશ્યકતા છે. દુનિયાના દરેક દુષણોને દૂર કરવા માટે આજે તાતી જરૂરિયાત છે વૈદિક જ્ઞાન-વિજ્ઞાનના પ્રચાર-પ્રસારની. ઉત્સવ પ્રિય હોવું એ કંઈ ખોટું નથી પણ અતિરેક પૂર્ણ ખોટા ધજાગરા કરવા કરતાં સામાજીક દૂષણોનું ઉન્મુલન કરી સમાજના દુઃખી લોકો માટે પ્રિય થવું એ મહાઉત્સવ ઉજવવા સમાન છે. પૌરાણિક ઉત્સવોમાં ધાર્મિકતાનું ટીપુંયે ટપકતું નથી. કેવળ ઘેલછા, નાચ-ગાન અને અશ્લીલતાના અખાડા સિવાય કશું જ નથી. આવા સામાજીક દૂષણોથી દુઃખ દર્દના નર્કમાં આજે દેશમાં લાખો નારીઓ પીડાઈ રહી છે. જે વૈદિક ઋષિઓના દેશ માટે કલંક સમાન છે. ત્યારે મહર્ષિ દયાનંદના મીશનને માનનારા લોકો દ્વારા ઉજવાતા વૈદિકોત્સવોમાં પણ આવા સામાજીક દૂષણોને દૂર કરવા નક્કર પગલાં ભરવા આપણે સૌ સંકલ્પબદ્ધ થઈને ક્રિયાત્મક પરિણામો તરફ પગલાં ભરવા જોઈએ. આપણે આપણાં સામાજીક કર્તવ્યો અને જવાબદારીઓથી વિમુખ થઈ શકીએ તેમ નથી. ઈતિહાસકારો લખે છે કે મહર્ષિ દયાનંદ સરસ્વતીજી જે તે વખતે દેશની દુર્દશા જોઈ તેમને બે વખત આંખમાં આંસુ આવી ગયા હતા. એક ગાયો અને મૂક પ્રાણીઓની કત્લ પર અને બીજીવાર નારીઓની દશા પરનો પ્રસંગ છે. એક નારી પોતાના મૃતક પુત્રના કફન ને પણ પાણીમાંથી પરત લઈને તેઓ ઉપયોગ કરવા મજબૂર બને છે. આવા હૃદયદ્રાવક દ્રશ્યો કરતાં આજે પણ સ્થિતિ કંઈ વધુ સારી નથી. આર્યોત્સવોની ઓળખ ઉભી કરવા કરતાં ધરતી પર આર્યત્વની અનુભૂતિ ઉભી કરવા વધારે શક્તિ, સમય અને સંપત્તિનો ઉપયોગ કરવો જોઈએ. આર્યાવ્રત દેશની બીજી એક સંસ્કૃતિક, સામાજીક અને સાચી ધાર્મિકતાની ઓળખ ઉભી કરવા આઝાદીની ફરી એક લડાઈ લડવી પડશે. આ માટે ફરી ૮૦ ટકા લોકો આર્યસમાજમાંથી બહાર આવશે તો દેશની જનતાની આશા અને અરમાનો ઉજાગર થશે.

## ઉપદેશ કથા

### ધીરજના ફળ મીઠા

એક બગીચો હતો, તેમાં આંબા ઉપર ઘણી સારી કેરીઓ આવી. બગીચામાં વાંદરાઓ આવતા અને કેરીઓ ખાતાં. બગીચાનો માળી તેને મારી ભગાડતો. વાંદરાઓ ઘાયલ થતા અને ચિચિયારીઓ પાડતાં. ફરી આવતાં, માર ખાતાં અને ભાગી જતાં.

વાંદરાઓનો સરદાર વૃદ્ધ હતો. તેણે બધા વાંદરાઓને બોલાવ્યાં અને કહ્યું - 'આપણે ઉંચા પરિવારના લોકો છે. કેરીઓ માટે રોજેરોજ માર ખાવો યોગ્ય લાગતું નથી. સારી વાત તો એ છે કે આપણે જ આંબાના વૃક્ષ લગાવીએ. જયારે તેના ઉપર કેરીઓ આવશે ત્યારે મજાથી બધા પેટભરીને ખાઈશું. પછી આપણને કોઈ પત્થર મારનાર નહીં હોય.' બધા વાંદરાઓએ કહ્યું- 'હા તમારી વાત બિલકુલ સાચી છે.'

બધા ભેગા મળીને આંબાની ગોટલીઓ ભૂમિમાં દાટી. તેને બધાએ પાણી આપ્યું અને તેની ચારે બાજુ બેસી ગયાં. એક દિવસ બેઠા રહ્યાં, બે દિવસ બેઠા રહ્યાં, પરંતુ તેઓ હતા તો વાંદરા. ત્રીજા દિવસે તો બધાની ધીરજ ખૂટી ગઈ. ભૂમિને ખોદી જોવાનો આરંભ કર્યો કે ગોટલીઓમાં કેરી લાગી કે નહિ. આમ તેઓની મૂર્ખતાના કારણે મહેનત નિષ્ફળ ગઈ.


## અગ્નિપથ

**વૈદિક ધર્મના પ્રચાર-પ્રસાર માટે આપને નમ્ર અપીલ છે કે આપ આપના સગા-સંબંધી, મિત્રોને તેમના જન્મદિન પ્રસંગે, લગ્નતિથિ તથા અન્ય શુભ પ્રસંગે અગ્નિપથનું લવાજમ ભરી ભેટ સ્વરૂપે લાભાન્વિત કરી શકો છો. આપના સહયોગ વગર વૈદિક ધર્મના પ્રચારનું કાર્ય સંભવ નથી. અમારા આ પવિત્ર કાર્યમાં સહયોગી થવા આપને હાર્દિક આમંત્રણ છે. અગ્નિપથ દરેક વાચક વર્ગ પાસે ઓછામાં ઓછા ૧૦ વ્યક્તિ લાભાન્વિત થાય તેવી અપેક્ષા રાખી રહ્યું છે. અમને વિશ્વાસ છે કે આપ અમને નિરાશ નહિ કરો.**

**ધન્યવાદ..................**

**અગ્નિપથ પરિવાર**

**વિશેષ નોંધ : ગુજરાતમાં વૈદિક ધર્મનો પ્રચાર-પ્રસાર નહિંવત પ્રમાણમાં થઈ રહ્યો છે. અમે તન-મન-ધનથી છેલ્લા ૧૪ વર્ષથી પ્રયાસ કરી રહ્યા છીએ. આપનો સહયોગ અપેક્ષિત છે.**



## અગ્નિપથ

अस्माकं वीरा उत्तरे भवन्तु

- સાંપ્રત ઘટનાઓનું આદર્શ દષ્ટિકોણથી વિવેચન.
- વૈદિક સાહિત્યના ગહન સિદ્ધાંતોનું સરળ પ્રસ્તુતિકરણ.
- વેદ-દર્શન-ઉપનિષદ જેવા આધ્યાત્મિક ગ્રન્થોમાં નિહિત જ્ઞાનની સરળ પ્રસ્તુતિ.
- બાળકો માટે ઉપદેશ કથા.
- સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી.
- વૈદિક વિદ્વાનોના ચિંતનાત્મક લેખો.
- ગુજરાતના આર્યસમાજોના કાર્યક્રમોના સમાચારો.
- રાષ્ટ્રિય અને સાંસ્કૃતિક ગૌરવના ભાવ ભરતું એકમાત્ર ક્રાંતિકારી સાપ્તાહિક.

**વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-**
**આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-**



: કાર્યાલય :


૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૪. ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧

E-mail : agnipathgnr@gmail.com



**અગ્નિપથ કાર્યાલયને પત્ર અથવા ઈ-મેલથી જાણ કરી આપ લવાજમ બેંકમાં જમા કરાવી શકો છો.**

AGNIPATH A/c No. 24640200000387
Bank of Baroda, Vidhansabha Branch, Gandhinagar.


સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન

**ગુજરાતભરની તમામ આર્યસમાજો તથા વૈદિક પ્રચાર સાથે સંલગ્ન સંસ્થાઓને પોતાના સાપ્તાહિક સત્સંગ સહિતના તમામ સમાચારોને ફોટોગ્રાફસ સાથે મોકલી આપવા વિનંતી છે. આપ ઈ-મેઈલના માધ્યમથી પણ સમાચાર મોકલી શકો છો.**


: કાર્યાલય :

૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૧. ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧

E-mail : agnipathgnr@gmail.com

# ...ને વેદ ભાસ્કર દયાનંદે કહ્યું 'આ મારો અંતિમસમય છે, હવે ચિકિત્સા-ઉપચારો બંધ કરો'

સં. ૧૯૩૯ આસોવદ અમાસ-દીપાવલી મંગળવાર-૧૮૮૩-૩૦ ઓક્ટોબરનો એ દિવસ છે. મહર્ષિ દયાનંદને ઝેર અપાયા બાદ એક મહિના પછી આજ અંતિમ દિવસ છે.

ડૉ. લક્ષ્મણ દાસની ચિકિત્સા અને સેવાથી પ્રારંભમાં લાભ થયો ફરી સ્વાસ્થ્ય વધારે ખરાબ થતાં સવારે અજમેરના સિવિલ સર્જન ડૉ. ન્યૂમનને બોલાવવામાં આવ્યા.

**ડૉ. ન્યૂમનનું આશ્ચર્ય :** ડૉ. ન્યૂમને આવીને જોયું તો સ્વામીજી પર રોગનું ભયંકર આક્રમણ હોવા છતાં દારૂણ વેદનામાં સ્વામીજીના ધૈર્ય, પ્રસન્નતા, અપરિમિત આત્મબળ અને અપ્રતિમ શાન્તિ આશ્ચર્યજનક હતા. તેઓએ સ્વામીજીને તપાસીને ડૉ. લક્ષ્મણદાસને નિદાન સાથે અસહમતિ પ્રકટ કરી અને રાઈની પોટીસ બાંધવાનું સૂચન કર્યું.

**આ મારો અંત સમય છે :** ડોક્ટરની સૂચનાનુસાર પોટીસનો પ્રયોગ કરવા છતાં કોઈ રાહત કે લાભ થયો નહિં. પરન્તુ તેથી પીઠ પર છાલા પડ્યાં. સ્વામીજીને આભાસ થઈ ચૂક્યો હતો કે, આ શરીર હવે છૂટી જવાનું છે. તેથી તેઓએ પ્રયોગ બંધ કરાવીને કહ્યું કે, "આ મારો અન્ત સમય છે. હવે ચિકિત્સા - ઉપચારો બંધ કરો."

**મૃત્યુંજય દયાનંદ :** બાલ બ્રહ્મચારી ભિષ્મપિતામહે બાણ શૈયા પરથી મૃત્યુને 'રૂકજાવ'નો આદેશ આપ્યો હતો, એ જ રીતે હાલના સ્વામી, સર્વદાની, ગરલરૂપમાં વિશ્વનું અહિત પાન કરનાર કામારિ, શંકર, ઈશ્વરભક્ત, નિર્ભયતા, શૂરતા, નમ્રતા અને ભક્તિની પ્રતિમૂર્તિ, વજ્રાંગ, બ્રહ્મર્ષિ, આદિત્ય બાલ બ્રહ્મચારી દયાનંદ એક મહિના સુધી વિષશય્યા પર મૃત્યુંજય બનીને રૂકજાવ નો પડકાર ફેંક્યો હતો.

*પરંતુ આજે મૃત્યુનો દેવ-યમ-વાયુદેવ ભિનાય કોઠીનાં બારણે ટકોરા મારી રહ્યો હતો.*

*ઋષિનો દિવ્ય આત્મા તેનું સ્વાગત કરીને આવો, મૃત્યુના દેવ પધારો, ભલે પધાર્યા, સ્વાગતમ્ કહીને આવકારી રહ્યો હતો.*

જેમ પિંજરાનું દ્વાર ખુલતા રાજહંસ પોતાના ધામ-માનસરોવર પર જવા પાંખો ફફડફડાવા માંડે, તેમ ઋષિ પ્રવરના પંચભૂતના ખખડી ગયેલા શરીર-પિંજરને છોડીને તેનો દિવ્ય આત્મા સ્વધામ-બ્રહ્મલોકમાં જવાની તૈયારી કરી રહ્યો હતો.

પ્રભુ એ પ્યારા પુત્ર-જીવાત્માને પોતાના બ્રહ્મધામમાં બોલાવી રહ્યા હતા.

**મહાપ્રસ્થાનની તૈયારી :** સૂર્ય ધીમે ધીમે ડગલા માંડીને આગળ વધી રહ્યો હતો. અગિયાર વાગ્યે સ્વામીજીએ શૌચ-મલત્યાગની ઈચ્છા પ્રકટ કરી, શૌચની ચોકી પર બેસાડ્યા, નિવૃત્ત થઈને સ્વયં પ્રક્ષાલન કર્યું. હાથ ધોયા, દાતણ કર્યું અને નિવૃત્ત થયા પછી પલંગ પર સુવડાવ્યા. થોડીવાર પછી વાણંદને બોલાવીને ક્ષૌરકર્મ-હજામત કરાવી. સ્વામીજીની સ્નાનની ઈચ્છા હોવા છતાં રોગની ગંભીર અવસ્થામાં સંભવ ન હોવાથી ભીના વસ્ત્રથી શરીરની શુદ્ધિ કરી.

**આજ આરામનો દિવસ છે :** શરીરના છાલા ફૂટીને રક્તસ્રાવ થઈ રહ્યો હતો, રોમ-રોમમાં ભયંકર વેદના અને અંગારા ઝરતા હતા, શ્વાસ તીવ્રગતિથી ચાલતો હતો. તેમ છતાં યોગીરાજ દયાનંદના અતૂટ ધૈર્યથી, તેઓના મુખથી 'ઉફ' કે 'આહ' સુદ્ધા નીકળતા ન હતા. મન પ્રસન્ન અને ચિત્ત શાન્ત હતું. આત્મા - સ્વરૂપેઅવસ્થાનમ્ (યો.દ. ૧:૨) ઈશ્વરના સ્વરૂપમાં નિમગ્ન બનીને તેના આનંદનું અમૃતપાન કરી રહ્યો હતો.

કોઈ ભક્તે પૂછ્યું, "મહારાજ ! આપનું ચિત્ત કેમ છે ? આપ શું અનુભવ કરી રહ્યા છો ?"

સ્વામીજીએ પ્રસન્નભાવ અને પરમશાન્તિથી ઉત્તર આપ્યો, "સારું છે. આજ હું ઠીક અનુભવ કરી રહ્યો છું. એક મહિના પછી આજ આરામનો દિવસ છે."

**ઈશ્વર ઈચ્છામાં :** લાલા જીવનદાસે પૂછ્યું, આપ ક્યાં છો?

સ્વામીજીએ કહ્યું, "ઈશ્વર ઈચ્છામાં."

સ્વામીજીના ઉત્તરના એ ગૂઢાર્થને શિષ્યો-ભક્તો સમજી શક્યા ન હતા, કારણ કે ઈશ્વર તો ઈચ્છા (દ્વેષ)થી રહિત છે. ઋષિનો સંભવતઃ એ તાત્પર્યાર્થ હતો કે :

હું તો ટંકારાથી સાચા શિવના દર્શન અને મૃત્યુંજય બનવા માટે નીકળ્યો હતો. અને ઘોર તપ તથા સાધનાથી તેની પ્રાપ્તિ પણ થઈ ચૂકી હતી. પરન્તુ હે સચ્ચિદાનંદ પ્રભુ ! સંસારના જીવોને શ્રેષ્ઠ બનાવવા-સુખી કરવા 'કૃણ્વન્તો વિશ્વમાર્યમ્' ની તારી ઈચ્છા હતી. અને તેને પૂર્ણ કરવા, હે જગન્નિયંતા ! તેં જ આ લીલા કરીને મને તારી એ વેદ આજ્ઞાનું પાલન કરવા પ્રેરિત કર્યો હતો. અને મેં મારી જાતને તારી ઈચ્છાને અર્પણ કરી દીધી હતી.

ઋષિના ઉક્ત ઈશ્વર ઈચ્છામાં એ વાક્યની તેઓના અન્ત સમયના - "ઈશ્વર તેરી ઈચ્છા પૂર્ણ હો, તૂને અચ્છી લીલા કી" - એ શબ્દો પુષ્ટિ કરે છે.

**શિષ્યોને આશીર્વાદ :** મધ્યાહ્નનો સૂર્ય ઢળી રહ્યો હતો. ઘડિયાલમાં ચાર વાગ્યાના ટકોરા પડ્યા. સ્વામીજીએ શિષ્ય આત્માનંદને બોલાવ્યો. તેને પોતાની પાછળ શિર પાસે બેસાડ્યો અને પૂછ્યું, "આત્માનંદ ! તારી કાંઈ ઈચ્છા છે ?"

આત્માનંદે દુઃખી સ્વરમાં કહ્યું, "આપ ઠીક થઈ જાઓ, એવી હું ઈશ્વરને પ્રાર્થના કરું છું."

સ્વામીજીએ સાંત્વન આપતા કહ્યું, "હવે આ શરીર શું ઠીક થવાનું ?" ફરી સ્વામીજીએ તેના શિર પર વાત્સલ્ય ભર્યો હાથ મૂકીને આશીર્વાદ આપ્યા કે, "આનંદમાં રહેજે." શિષ્યના નેત્રમાંથી અશ્રુધારા વહી રહી.

કાશીથી સ્વામીજીના દર્શનાર્થે આવેલા સંન્યાસી ગોપાલગિરિને પણ એ જ રીતે આશીર્વાદ આપ્યા.

**પુરસ્કાર :** ફરી સ્વામીજીએ બે શાલ અને ૨૦૦/- રૂપિયા મંગાવીને શિષ્ય આત્માનંદ અને પં. ભીમસેનને ભેટ આપ્યા. પોતાની જન્મદાત્રી માતાના મૃત્યુથી ધાવણા બાળકો ધ્રુસકે-ધ્રુસકે રડી પડે તેમ શિષ્યો સ્વામીજીના વિયોગના વિચારથી રડી પડ્યા.

**ભક્તોનું અંતિમ દર્શન :** સાડાચાર વાગ્યે દૂર પ્રદેશોથી દર્શનાર્થે આવેલા આર્યપુરૂષો શોક-આર્દ્રચિત્ત અને શ્રદ્ધા ભરી ભાવનાથી સ્વામીજી સામે ઉપસ્થિત થયા. નેત્રોની કૃપાદૃષ્ટિથી તેઓને સ્નેહસિક્ત ભાવે જોયા જાણે મૌન ઉપદેશ આપી રહ્યા હતા કે, "આર્યો ધૈર્ય અને સાહસ ધારણ કરો, અધીર ન બનો. ઉદાસ થવાની કોઈ જરૂર નથી, આ શરીર તો નાશવાન છે."

સ્વામીજીના મુખ પર એ સમયે અપાર ધૈર્ય, અદ્‌ભૂત શાન્તિ અને મૃત્યુંજયતાના ભાવો આર્યો નિહાળી રહ્યા હતા. અને પર્યાપ્ત સમય સુધી ભક્તજનો સાથે વાર્તાલાપ કરતા રહ્યા.

**તેજ અને અંધકારનો ભાવ છે :** ઘડિયાલના કાંટા આગળ ધપીને પાંચ વાગ્યાના નિશાન પાડી રહ્યા હતા એક ભક્તે પૂછ્યું, "મહારાજ ! અત્યારે આપને કેમ છે ?" તેઓએ ઉત્તર આપ્યો "ઠીક છે, તેજ અને અંધકારનો ભાવ છે." આનો અર્થ કોઈ સમજી શક્યા નહિં.

**વેદપાઠ અને ઈશ્વર સ્તુતિ :** ભગવાન ભાસ્કર ધીમે પગલે ક્ષિતિજના મિલન માટે પ્રસ્થાન કરી રહેલ છે. સાંજના સાડા પાંચનો ટકોરો પડ્યો. વેદભાસ્કર દયાનંદ દયામય સર્વશક્તિમાન પિતાના મિલન માટે મહાપ્રસ્થાન પથ પર પ્રયાણ કરી રહ્યા છે.

સ્વામીજીએ સામે ઉભેલા સર્વ ભક્તજનોને પાછળ ઉભા રહેવા આદેશ આપ્યો. ઓરડાનાં બારણા અને બારીઓ ખોલી નાંખવા સૂચના આપી અને પૂછ્યું, 'આજ પક્ષ, તિથિ અને ક્યો વાર છે.' એક ભક્તે કહ્યું, "આજ કૃષ્ણ પક્ષનો અન્ત અમાવસ્યા, અને મંગળવાર છે."

એ દિવ્ય આત્માએ કોઠીની છત અને ચોતરફ પોતાની દિવ્ય દૃષ્ટિ ફેંકી, પ્રથમ વેદમંત્રોનો પાઠ કર્યો ત્યારપછી સંસ્કૃતમાં ઈશ્વરનું સ્તવન કર્યું. પુનઃ હિન્દી ભાષામાં પરમેશ્વરનો ગુણાનુવાદ કર્યો. અને પુલકિત અંગે આનંદમગ્ન બનીને ગાયત્રી મંત્ર તથા પોતાના પ્રિય 'વિશ્વાનિ દેવ' મંત્રનું ગંભીર નાદથી, ઉચ્ચસ્વરમાં ગુંજન કર્યું. હર્ષ અને પ્રફુલ્લિત વદને થોડીવાર સુધી સુવર્ણમયી મૂર્તિની સમાન નિશ્ચલરૂપમાં સમાધિસ્થ રહ્યા.

**સ્વામીજીના મુખ પર એ સમયે અપાર ધૈર્ય, અદ્‌ભૂત શાંતિ અને મૃત્યુંજયતાના ભાવો આર્યો નિહાળી રહ્યા હતા.**

સમાધિની ઉચ્ચતમ અવસ્થાથી ઉતરીને યોગેશ્વર દયાનંદે બંને નેત્રોને ખોલીને દિવ્યજ્યોતિનો વિસ્તાર કરતા અન્તિમ ઉદ્‌ગારો વ્યક્ત કર્યા :

*"હે દયામય સર્વશક્તિમાન પરમેશ્વર ! તારી યહી ઈચ્છા હૈ, તેરી યહી ઈચ્છા હૈ, તેરી ઈચ્છા પૂર્ણ હો, અહા, તૂને અચ્છી લીલા કી."*

**નિર્વાણ :** એ અન્તિમ શબ્દોના ઉચ્ચારણ સાથે ચત્તા સૂતેલા મુમુક્ષુ - મહર્ષિએ પડખું ફેરવ્યું, આત્મિકપ્રાણ-શ્વાસને રોકીને પરમધામના પ્રયાણ પથના સોપાન પર આરૂઢ કરીને, એકવારમાં બહાર કાઢી નાખ્યો.

એ દિવ્ય આત્મા ૫૯ વર્ષના પંચભૌતિક પિંજરાને છોડીને બ્રહ્મલોકમાં પરમપિતાની ગોદમાં ચાલ્યો ગયો.

એ સમયે દીવાળીના દિવસે સાંજના છ વાગ્યા હતા. ત્યારે આર્ત ભારતના ભાગ્ય ભાસ્કર દયાનંદે પોતાની જીવન લીલા સંકેલી લીધી હતી. તેની સાથે ભગવાન ભાસ્કર પણ પોતાના તેજ કિરણોને સંકેલી રહ્યો હતો. તમોમય મહાનિશા ઘોર અંધકારને પ્રસારી રહી હતી. તેની સાથે અજમેરની તાર ઓફિસથી દેશભરમાં ઋષિ નિર્વાણના નિરાશા, શોક અને ભયંકર વજ્રપાતના સંદેશાઓ ઘોરતમ કાજળ રાત્રીનો વિસ્તાર કરી રહ્યા હતા.

મહર્ષિ દયાનંદની લૌકિક-લીલા સમાપ્ત થઈ પરન્તુ તેઓનું જીવન જીવિત-આલોક બનીને આજપણ આપણી સમક્ષ પ્રકાશિત થઈ રહ્યું છે. ઋષિવર દયાનંદ પોતાના યશ અને કીર્તિમય જીવન સુમનમાં આજે પણ અમર છે. તેની સુગંધનો પમરાટ સદા સુવાસિત રહેશે. - **દયાલ મુનિ આર્ય, ટંકારા**

# કોઈ વસ્તુમાં આકર્ષણ ત્યારે થાય છે જ્યારે તે પદાર્થના ગુણ પ્રત્યક્ષ થાય છે

**સત્યોપદેશ**

ઉપદેશક - સ્વામી સત્યપતિજી ૧૮

અનુ.- જયાબેન પોરિયા (યુકે)



૪૩. વ્યાપ્ય-વ્યાપક સંબંધ ત્રણેય કાળમાં રહે છે - એવુ વિચારતો મનુષ્ય બધાં સાથે ઉચિત વ્યવહાર કરે છે. તે સર્વને લૌકિક દ્રષ્ટિથી માતા-પિતા, ભાઈ-બહેન સમાન જુએ છે. તે સર્વમાં ઈશ્વર અને સર્વને ઈશ્વર જ માને છે. તે માને છે કે મારામાં, સામેવાળામાં, જ્યાં કોઈ નથી ત્યાં પણ ઈશ્વર છે. હર પલ આ વિચારથી ઓતપ્રોત રહે છે. કેવી ગંભીર અવસ્થા ! કેટલો ગંભીર વિષય છે ! એ પ્રકારે જાણનાર મનુષ્ય કદી પાપ કરતો નથી. એ તો ઠીક, પરંતુ તે સ્વયં કષ્ટ વેઠીને અન્યને સુખ પહોંચાડે છે.

૪૪. વ્યાપ્ય-વ્યાપક સંબંધ ત્રણેય કાળમાં રહે છે. ચાહે સૃષ્ટિ હોય યા પ્રલય હોય. એવો કોઈ પણ સ્થૂળ કે સૂક્ષ્મ પદાર્થ નથી હોતો કે તે ત્રણમાંથી એક પણ કાળમાં ઈશ્વરથી બહાર જઈ શકે. કેવો વિચિત્ર સંબંધ છે?

૪૫. જેવી રીતે આપણે સંસારમાં માતા-પિતા સાથે પ્રત્યક્ષ વાત કરીએ છીએ તેવી જ રીતે ઈશ્વરને સંબોધન કરવું કે - હે પરમેશ્વર ! આપ જ મારા નિત્ય માતા-પિતા છો, સાંસારિક સંબંધ તો અનિત્ય છે. આ પ્રકારે જ્યારે વ્યક્તિના વ્યવહારમાં આ વિષય કાર્યાન્વિત થઈ જાય છે ત્યારે તે ઈશ્વરની સાથે ઉચિત વ્યવહાર કરે છે, અન્યથા શાબ્દિક રૂપમાં જ તેમને જાણે છે.

૪૬. જ્યાં સુધી આપણી સાથે રહેનારાં વ્યક્તિઓ, મિત્ર આદિને માટે પોતાના આત્માની સમાન સુખની ઈચ્છા અને દુઃખથી દ્વેષ ઈચ્છીએ નહિં ત્યાં સુધી યમ-નિયમોનું પાલન તથા તેઓની સાથે ઉચિત વ્યવહાર કરી શકતા નથી. આર્ય-સમાજનો સાતમો નિયમ 'બધા સાથે પ્રીતિપૂર્વક ધર્માનુસાર યથાયોગ્ય વર્તવું જોઈએ' - એમ કહે છે. તેમ કરવાથી જ સર્વાંગીણ ઉન્નતિ થઈ શકે છે.

૪૭. જ્યાં સુધી મનુષ્યના વ્યવહારમાં સો એ સો ટકા આ સમજમાં નથી આવતું કે ઈશ્વર અમારા મન-વચન-કર્મથી થનારા પ્રત્યેક કર્મને જાણી રહ્યાં છે અને તે ન્યાયાનુસાર તેનું ફળ પણ દેશે, ત્યાં સુધી મનુષ્ય ઈશ્વરનાં ગુણ-કર્મ-સ્વભાવ અને વેદ-વિદ્યાને સમજી શકતો નથી.

૪૮. વર્તમાનમાં જે દોષો આપ કરી રહ્યા છો તે એટલા માટે કરો છો કે એક તો આપ ઈશ્વરને સર્વવ્યાપક, સર્વજ્ઞ, ન્યાયકારી નથી માનતા અને બીજું પોતાના અને બીજું પોતાના દોષોને સારા માનો છો, તે આપને ગમે છે. જ્યાં સુધી આપ દોષોને તેના વાસ્તવિક રૂપમાં સમજશો નહીં ત્યાં સુધી આધ્યાત્મિક ઉન્નતિ થશે નહીં.

૪૯. ગુણોને ગ્રહણ કરવામાં અત્યંત પુરુષાર્થ, તપ, ત્યાગ કરવો પડે છે અને તેથી અપુરુષાર્થી માનવી ગુણોને ગ્રહણ કરી શકતો નથી.

૫૦. પ્રશ્ન - ઈશ્વર, જીવ, પ્રકૃતિ- આ ત્રણ અનાદિ કેમ છે ?

ઉત્તર : આ ત્રણના ગુણ સ્વાભાવિક હોવાથી અર્થાત તેના ત્રણ કારણ - ઉપાદાન, સાધારણ અને નિમિત્ત કારણ ન હોવાથી. જેની ઉત્પત્તિના ત્રણ કારણ - ઉપાદાન કારણ, નિમિત્ત કારણ અને સાધારણ કારણ નથી હોતાં તે વસ્તુ અનાદિ હોય છે. તેવી જ રીતે જેના વિનાશના ત્રણ કારણ નથી હોતાં તે અનંત હોય છે. જ્યારે વ્યક્તિ આ ત્રણ સ્વરૂપને ઠીક-ઠીક જાણી લે છે ત્યારે તે આ ત્રણની સાથે ઉચિત વ્યવહાર કરે છે. ઈશ્વર,જીવ અને પ્રકૃતિ આ ત્રણ કાળની દ્રષ્ટિથી અનાદિ-અનંત છે. મહાન વિદ્વાનો પણ તેને સમજી શકતા નથી કારણ કે આ ઘણો ગંભીર સિદ્ધાંત છે.

૫૧. વર્તમાનમાં જે ભોગ-વિષયો અને જડ પદાર્થો છે તેમાં આકર્ષણ એટલા માટે છે કે આજ સુધી એ સમજમાં નથી આવ્યું કે પદાર્થો આપણાં આત્માના ગુણ-કર્મ-સ્વભાવની વિરૂદ્ધ છે.

૫૨. કોઈ પણ પદાર્થમાં આકર્ષણ ત્યારે જ હટે કે જ્યારે તેના દોષ જોવામાં આવે. કેમ કે આ જડ પદાર્થો તથા અન્ય ચેતન પદાર્થો પ્રત્યે જે આકર્ષણ છે તે અવિદ્યા છે. તે પદાર્થોને ગ્રહણ કરવાનો મતલબ એ છે કે અપરિગ્રહનું પાલન ન કરવું.

૫૩. કોઈ વસ્તુમાં આકર્ષણ ત્યારે થાય છે જ્યારે તે પદાર્થના ગુણ પ્રત્યક્ષ થાય છે. એવી રીતે સમસ્ત પદાર્થોમાં જાણવું જોઈએ.

૫૪. મન-વચન-કર્મથી પૂર્ણરૂપે પ્રતિબંધ લગાવી દેવો કે એક પણ કાર્ય પાંચ કસોટીઓ પર પરીક્ષા કર્યા વિના કરીશ નહીં, ત્યાર પછી વ્યક્તિ ગુણોને ગ્રહણ કરી શકે છે અને દોષોને છોડી શકે છે.

૫૫. જ્યારે વ્યક્તિ ઈશ્વર-પ્રણિધાન સતત બનાવી રાખે છે અર્થાત 'સર્વજ્ઞ, સર્વવ્યાપક અને ન્યાયકારી ઈશ્વર સતત મારા મન-વચન-કર્મથી કરવામાં આવતાં પ્રત્યેક સારા-ખરાબ કર્મોને જોઈ રહ્યા છે' તેમ જાણી સર્વ કર્મ તેને સમર્પિત કરે છે. ત્યાર પછી વ્યક્તિ પાપકર્મથી બચી શકે છે. અન્યથા લગભગ પાપકર્મ કરી જ લે છે. કારણ કે જીવાત્મા યા તો સારું કાર્ય કરે છે યા પછી ખરાબ કાર્ય.

# સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ મહર્ષિ દયાનંદની દેણ છે



**★ સ્વામીજીના વિચારો સમજતા પહેલાં સ્વયંને પક્ષપાત રહિત બનાવવું જરૂરી છે.**

**★ સ્વામીજીએ દરેક ભારતીય વસ્તુ કે સિદ્ધાંતનું સમર્થન કર્યું નથી અને દરેક વિદેશી વસ્તુ કે સિદ્ધાંતનો વિરોધ કર્યો નથી.**

મહર્ષિ દયાનંદજી સ્વયં રાજનીતિજ્ઞ નહોતા, છતાં પણ તેમણે રાજનૈતિક ક્ષેત્ર પર પ્રબળ તેમજ ગહન દૃષ્ટિકોણ પ્રસ્તુત કર્યો છે. મૂલતઃ મહર્ષિ દયાનંદ એક આધ્યાત્મિક પુરુષ હતા. તેમણે માનવીય જીવનના ભૌતિક પાસાને પોતાની દૃષ્ટિથી પર નથી રાખ્યો. માનવીય જીવનનું કોઈપણ પાસું તેમણે તેમના ઉદ્દેશથી અછૂત રાખ્યું નથી. તેમનો ઉદ્દેશ્ય સંપૂર્ણ માનવઅસ્તિત્વને સર્વવિદ્યમાન તથા સર્વશક્તિમાન આધ્યાત્મિક સત્તાના માર્ગદર્શન તળે લાવવાનો હતો. સંભવતઃ આથી જ તેમણે સ્વયંને કદીપણ ગુરુના સ્થાન પર સ્થાપિત થવાનો સ્વીકાર ન કર્યો અને કેવળ મિત્ર તેમજ માર્ગદર્શક જ બન્યા રહેવાનું પસંદ કર્યું.

મહર્ષિજી મૂલતઃ માનવતાવાદી હતા. તેમના રાજનૈતિક વિચારો અને સિદ્ધાંતોએ બધાનું ધ્યાન રાષ્ટ્રવાદની એક નવી અવધારણા તરફ દોર્યું. આધુનિક યુગમાં 'રાષ્ટ્રવાદ' કેવળમાત્ર એક રાજનીતિક શબ્દ છે જેનો અર્થ દેશની સીમાઓની અંદર રહેનારા નાગરિકોનું કલ્યાણ કરવાનું છે. મારા વિચારમાં આને કેવળ 'ક્ષેત્રીય રાષ્ટ્રવાદ' કહેવું ઉચિત રહેશે.

આપણે એ સ્વીકાર કરવામાં સંકોચ ન કરવો જોઈએ કે ભારતનો એક ભાગ રાષ્ટ્રના રુપમાં અંગ્રેજોના વધતા જતા અત્યાચારો અને અમાનવીય કૃત્યોના કારણે પરિવર્તિત થયો. બીજી તરફ અંગ્રેજી પ્રશાસને આપણા દેશના વિભિન્ન ભાગોને રેલ્વે, સંચાર માધ્યમો, એકસમાન કાનૂન તથા પ્રશાસનિક એકરૂપતાના આધાર પર એક દૃઢ બનાવવાની સારી ભૂમિકા ભજવી. અંગ્રેજી શાસનના અત્યાચારી કદમો વધવાની સાથોસાથ રાજનીતિક ક્ષેત્રીય રાષ્ટ્રવાદની ભાવના પણ ઉભરાવા લાગી.

તથ્યોના આધાર પર ૧૮૫૭ને સ્વતંત્રતાની પ્રથમ લડાઈ માની શકાય છે. પરંતુ ઈતિહાસનો એ સમય હતો જ્યારે મહર્ષિ દયાનંદ ભારતના વિવિધ ભાગોમાં રાજાઓ, રજવાડાઓ, સૈનિક બળ તથા સામાન્ય જનશક્તિને વિદેશી શાસનની વિરુદ્ધ ઉભો કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે. ૧૮૭૩-૭૪માં મહર્ષિજીએ સ્વરાજ્ય અર્થાત દેશ પર મૂળ નાગરિકોના શાસનની અભિલાષા વ્યક્ત કરી હતી અને તેમણે એક રાજનૈતિક રાષ્ટ્રવાદને જન્મ આપ્યો. નિઃસંદેહ આ રાષ્ટ્રવાદનો મૂળ આધાર સાંસ્કૃતિક તત્વો જ હતા.

સ્વામી દયાનંદજીએ લોકોને એ વિચારવા અને ગૌરવાન્વિત થવા માટે પ્રેરિત કર્યા કે તેઓનો સંબંધ વૈદિક સંસ્કૃતિ સાથે છે જેની અવધારણા સાર્વભૌમિક પ્રેમ તથા આંતરરાષ્ટ્રીય ભાઈચારા પર કેન્દ્રિત છે. સ્વામીજીનો ઉદ્દેશ્ય વેદોના'સેલ્સમેન' બનવાનો નહીં, પરંતુ તેમનામાં વૈદિક સિદ્ધાંતોને માનવતાના ઉત્થાન માટે પ્રસારિત કરવાની અદમ્ય ઈચ્છા હતી. આથી સ્વામીજીએ વિકાર રહિત મૂળ "વૈદિક સંસ્કૃતિ" તરફ લોકોનું ધ્યાન આકર્ષિત કર્યું. દુનિયાના સમસ્ત મહાપુરુષો પ્રત્યે શ્રદ્ધા વ્યક્ત કરતા હું એ કહેવા ઈચ્છું છું કે સમસ્ત શુભ તેમજ કલ્યાણકારી વિચારો હોવા છતાં પણ કોઈપણ સુધારકે કે વિકાર ઉન્મૂલન માટે યુદ્ધ સ્તરે પ્રયાસ કર્યો નથી જે મહર્ષિએ કર્યો હતો.

સ્વામીજીનો દૃષ્ટિકોણ સૂક્ષ્મ હતો. આથી તેમણે સાંસ્કૃતિક વિચારોને રાષ્ટ્રવાદનો પ્રમુખ આધાર બનાવ્યો, જેને આપણે 'સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ' કહી શકીએ. સ્વામીજીને રાષ્ટ્ર પ્રત્યે અપાર પ્રેમ હતો, પરંતુ અન્ય રાષ્ટ્રો પ્રત્યે બિલકુલ દુર્ભાવના નહોતી. સ્વામીજી દરેક ભારતીય વસ્તુ કે સિદ્ધાંતનું સમર્થન કર્યું નથી અને દરેક વિદેશી વસ્તુ કે સિદ્ધાંતનો વિરોધ કર્યો નથી. તેમણે તો કેવળ ગુણો અવગુણોના આધાર પર સિદ્ધાંતોને અલગ કર્યા અને આ જ આધાર પર મંતવ્યોને શ્રેષ્ઠ છે કે નિકૃષ્ટ અર્થાત આર્ય છે કે અનાર્ય એ બેમાં વિભક્ત કર્યા.

મહર્ષિજીએ સાર્વભૌમિક "વસુધૈવ કુટુમ્બકમ્" ની નીતિના આધાર પર હિંદુઓની ક્ષતિઓને ઉજાગર કરી અને બિનભારતીય મત અને મંથોમાં રહેલ ઉણપોને પ્રકાશિત કરી, સુધાર માટે પ્રેરિત કર્યા. આ આશયની સ્પષ્ટ ઘોષણા તેમણે 'સત્યાર્થ પ્રકાશ' ગ્રંથમાં કરી છે. 'સત્યાર્થ પ્રકાશ' મહર્ષિ દયાનંદ સરસ્વતીનો એક અનુપમ અમર ગ્રંથ છે જેના આધાર પર સમગ્ર માનવસૃષ્ટિનો ધાર્મિક, સામાજીક, રાજનૈતિક તથા આધ્યાત્મિક ઉત્થાન વિધિવતરૂપે સંભવ છે. સ્વામીજીના વિચારો સમજતા પહેલા સ્વયંને પક્ષપાત રહિત બનાવવું જરુરી છે. ભૌતિકવાદનો વધતો જતો પ્રભાવ તથા સામાજીક બુરાઈઓની ફેલાતી જતી જાળને કેવળ સ્વામી દયાનંદના વિચારરૂપી દાંતો કાપી શકે એમ છે.

- **સૂર્યદેવ**

# દયાનંદે આપેલું દર્શન સાહસિક કર્મોનું દર્શન છે




➤ **વેદો જગતને મિથ્યા, સ્વપ્ન અથવા ભ્રમ નથી માનતા. વેદ અનુસાર આ જગત પરિવર્તનશીલ તો છે પરંતુ તે છે સત્ય.**

➤ **ભૌતિક અને આધ્યાત્મિક બંને પ્રકારનો અદ્વૈતવાદ (ફક્ત એક જ સત્તાને માનવાનો વાદ) એ ભ્રાંત વિચારધારા છે.**

છેલ્લા ૬૦-૭૦ વર્ષથી કેટલાંક લોકો આર્યસમાજનું મૂલ્યાંકન તેની સંસ્થાઓ અને મોટાં મોટાં ભવનોને જ ધ્યાનમાં રાખીને કરે છે. આ એ લોકોની ભૂલ છે, એથી આર્યસમાજનું અવમૂલ્યન થયું છે, અને આર્યસમાજને સમજવામાં બહુ મોટી ભૂલ થઈ છે અને આજેય થઈ રહી છે. આ માટે ઈતિહાસ-લેખકો તો જવાબદાર છે જ, પરંતુ એમના કરતાંય વધારે દોષી તો સ્વયં આર્યસમાજીઓ છે, કે તેમણે આ ભ્રાંતિનું નિવારણ કરવા માટે કેમ જરૂરી કદમ ન ઉઠાવ્યાં ? હકીકતમાં આર્યસમાજની મૌલિકતા અને તેનું મહત્ત્વ તેના જીવનદર્શનથી છે.

મહર્ષિ દયાનંદના આગમન પહેલાં ભારત સિવાયનું બહારનું જગત ભારતના પ્રાચીન ધર્મ અને દર્શન વિશે મુખ્યરૂપે આ મુજબ સમજતું હતું -

- ભારતવાસીઓ જગતને મિથ્યા માનતા હોઈ પરલોકની જ ચિંતા કર્યા કરે છે, પરલોકને જ મહત્ત્વ આપે છે. એ લોકો ફક્ત એક બ્રહ્મને જ સત્ય માને છે.
- એ લોકો સંસારને સ્વપ્ન માને છે.
- ભારતમાં કેટલાંક લોકો સંસારને દુઃખોનું ઘર માને છે. એ વર્ગના લોકો બ્રહ્મને નથી માનતા.
- એ લોકો કર્મફળ-સિદ્ધાંતને માનતા હોઈ પ્રારબ્ધવાદી, પ્રમાદી અને ઉદાસીન જીવન પસાર કરે છે. તેમનો જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ નિરાશાવાદી છે.
- એ લોકો અનેક ભગવાનોમાં આસ્થા ધરાવે છે. તેઓ "પથ્થર એટલા પૂજે દેવ" માં વિશ્વાસ કરનારા છે.

ભારત વિશે આ પ્રકારની ધારણાઓ રાખનારાઓનો આમાં શો વાંક હતો ? આપણાં ચિંતન તથા આચરણનો લાભ ઉઠાવીને જ વિદેશીઓ અને વિધર્મીઓએ આપણા કરોડો ભાઈઓને ધર્મચ્યુત કરી દીધા.

પં. ગંગાપ્રસાદ ઉપાધ્યાયે બહુ જ થોડા શબ્દોમાં મહર્ષિ દયાનંદના ધાર્મિક અને દાર્શનિક દૃષ્ટિકોણને આ મુજબ પ્રસ્તુત કર્યો છે.

"He has given us a bold Philosophy of life. A philosophy of the reality of God, reality of men and the reality of the universe in which man has to live in. His is a philosophy of bold actions and not of idle musings. "

અર્થાત્ "દયાનંદે આપણને એક વીરોચિત દર્શન આપ્યું છે. પરમાત્માની સત્યતાનું દર્શન, મનુષ્યની સત્યતાનું દર્શન અને જગતની સત્યતાનું દર્શન, કે જેમાં મનુષ્યને જીવવાનું છે. દયાનંદે આપેલું દર્શન સાહસિક કર્મોનું દર્શન છે. તે કંઈ પ્રમાદ-ચિંતનનું એટલે કે ઠાલું, કામધંધા વગરનું ચિંતન નથી."

આર્યસમાજ ત્રણ પદાર્થોને અનાદિ, નિત્ય માને છે : ઈશ્વર, જીવ અને પ્રકૃતિ. આ ત્રણેય ન ક્યારેય ઉત્પન્ન થાય છે, અને ન તો ક્યારેય નષ્ટ પામશે.

આવું શી રીતે ? વિજ્ઞાનીઓ માને છે કે "Matter can neither be created nor it can be destroged." અર્થાત્ "પ્રકૃતિ ન ઉત્પન્ન થઈ શકે છે, ન નષ્ટ થઈ શકે છે." આ જ રીતે ઈશ્વર અને જીવની સત્તાઓ પણ અનાદિ, નિત્ય છે. વેદો જગતને મિથ્યા, સ્વપ્ન અથવા ભ્રમ નથી માનતા. વેદ અનુસાર આ જગત પરિવર્તનશીલ તો છે, પરંતુ તે છે સત્ય. જીવ અસંખ્ય છે, પરંતુ તેની સંખ્યા ઈશ્વરના જ્ઞાનમાં જરૂર નિશ્ચિત છે.

ડૉ. ભીમરાવ આંબેડકર વિદ્યાર્થીકાળમાં જ આર્યસમાજનાં સંપર્કમાં આવ્યા હતા, પરંતુ મહાન આર્ય સંન્યાસી નામના પુસ્તકની ભૂમિકા લખતી વખતે જ ડૉ. આંબેડકર જેવા વિખ્યાત નેતાને એ જ્ઞાત થયું કે, વેદોમાં ક્યાંય માયાવાદ - સ્વપ્નવાદ નથી. એ જાણીને ભાવવિભોર થઈને ડૉ. આંબેડકરે લખ્યું હતું -

"In the meantime it is no small contribution to our knowledge that the theory that the world is maya is a new invention. It is from this point of view that I commend this booklet." અર્થાત્ "માયાવાદ એટલે કે સંસારને મિથ્યા માનવાની કલ્પના એક નવતર કલ્પના છે - એ જાણવું એ આપણા જ્ઞાનમાં થતી કોઈ જેવીતેવી ઉપલબ્ધિ નથી. આ દૃષ્ટિએ હું આ પુસ્તકનું હાર્દિક અભિનંદન કરું છું."

કેટલાંક લોકો કહે છે કે, જગતમાં જે કંઈ નજરે પડે છે તે સઘળું ભ્રમ છે, ફક્ત આભાસ છે, સત્ય નથી. પરંતુ યાદ રાખવું જોઈએ કે બે વાતોમાં ભેદ છે - "What is not and appears and what is not and does not appear." અર્થાત્ એક છે જ નહિ અને પ્રતીત થાય છે, જ્યારે બીજી વસ્તુ છે પણ નહિ અને પ્રતીત પણ નથી થતી. જે છે જ નહિ, તેની તમે શી વ્યાખ્યા કરશો ? આમ, આર્યસમાજની માન્યતા છે કે, જો ફક્ત એક જ સત્તા હોય - ચાહે બ્રહ્મની કે પ્રકૃતિની - તો પછી જગતમાં જે બહુત્વ છે તેની તમે શી રીતે વ્યાખ્યા કરશો ? આ વિશે માથાપચ્ચી કરવી એ નર્યો બૌદ્ધિક વ્યાયામ છે. તેમાં દોષ આ પ્રકારનો વિચાર કરનારી વ્યક્તિનો છે. તેની સમજમાં દોષ છે, દૃષ્ટિમાં દોષ છે. જે છે જ નહિ, મિથ્યા છે, તેને તમે શો દોષ દેશો ?

ભૌતિક અને આધ્યાત્મિક બંને પ્રકારનો અદ્વૈતવાદ (= ફક્ત એક જ સત્તાને માનવાનો વાદ) એક ભ્રાંત વિચારધારા છે. એકથી વધારે સાંસારિક પદાર્થોનાં અસ્તિત્વ આવી અદ્વૈત વિચારધારાનો પ્રતિવાદ કરે છે. જડ જગતમાં અનેકવાદ (= અનેક પદાર્થોનું અસ્તિત્વ)ને અવગણવાનું અસંભવ છે. જગતમાં દુઃખ, પાપ, તાપ, અજ્ઞાન, ઈર્ષ્યા, દ્વેષ, વિચારભેદ વગેરે ક્યાંથી આવી ગયાં ? જો માત્ર એક બ્રહ્મની જ સત્તા હોત તો વિદ્યાલયો, હોસ્પિટલો, ટ્રેનો તથા આવાગમનનાં અન્ય સાધનો, ખેતી, વેપાર, ઉપદેશ, સંદેશ, આદેશ આ બધું કોના માટે ? અને કોના દ્વારા ? આ બધી વૈજ્ઞાનિક શોધખોળો કોના દ્વારા ? અને શા હેતુથી ? જે જગદ્ગુરુઓ જગતને મિથ્યા બતાવી રહ્યા છે, એ કોના ગુરુ છે ? અજ્ઞાન અને માયા ગુણ છે કે ગુણી (=દ્રવ્ય) ? જો એ ગુણ હોય તો કોના ગુણ છે ? અને જો માયા ગુણી (=દ્રવ્ય) હોય તો પછી અદ્વૈતવાદ ક્યાં રહ્યો ? એકથી વધારે સત્તાઓ સિદ્ધઓ સિદ્ધ થઈ ગઈ.

"Swami Dayananda would often ask himself and his associates that it he was brahman himself and other men too thought the same in their case, where was a room for so many idols, temples, absurd rituals and invidious differences between caste and caste and man and man." (Philosophy of Dayananda, Para-7)

સારાંશ એ છે કે સ્વામી દયાનંદ પૂછે છે કે, જો દરેક વ્યક્તિ બ્રહ્મ જ હોય, તો પછી આટલાં મૂર્તિઓ, મંદિરો, અર્થ વગરની રૂઢિઓ, અને એક જાતિ અને બીજી જાતિ વચ્ચેના તથા એક મનુષ્ય અને બીજા મનુષ્ય વચ્ચેના ઘૃણાસ્પદ મતભેદો માટે તો કોઈ સ્થાન જ ન રહેવું જોઈએ.

આપણે બધા એકી સાથે ન તો ઉત્પન્ન થઈએ છીએ, અને ન તો એકી સાથે મૃત્યુ પામીએ છીએ. ન તો આપણી સૌની ચિંતન-પદ્ધતિ એક જેવી છે. આપણાં સૌનાં સુખ-દુઃખ પણ ભિન્ન-ભિન્ન છે. માટે આવી બધી સત્ય બાબતોને, કઠોર વાસ્તવિકતાઓને અવગણીને "ફક્ત બ્રહ્મની જ સત્તા છે, અને જગત મિથ્યા છે." એમ કહ્યા કરવું એ બીજું કંઈ નહિ બલ્કે પોતાની જાતને જ અંધારામાં કેદ કરી રાખવા જેવું છે.

ઈસ્લામ અને ઈસાઈયતનો દાર્શનિક દૃષ્ટિકોણ પણ ભારતના માયાવાદનું જ એક વિકૃત રૂપ છે. તેઓ પણ એવું માને છે કે, સૃષ્ટિ ઉત્પન્ન થઈ એ પહેલાં માત્ર પરમાત્માનું જ અસ્તિત્વ હતું, પરમાત્મા સિવાય બીજી કોઈ સત્તા ન હતી. જીવો અને પ્રકૃતિને તો બાદમાં પરમાત્માએ ઉત્પન્ન કર્યા. શામાંથી ઉત્પન્ન કર્યા ? અને શા માટે ઉત્પન્ન કર્યા ? આ પ્રશ્નોનો તેમની પાસે કોઈ જ સંતોષજનક ઉત્તર નથી. આ બંને મત (ઈસ્લામ અને ઈસાઈયત) પરમાત્માને દયાળુ, ન્યાયકારી, દાતા, સૃષ્ટિકર્તા, વ્યવસ્થાપક અને સ્વામી માને છે. પરંતુ એટલો પણ વિચાર નથી કરતા કે પરમાત્મા હંમેશથી, અનાદિ કાળથી ઉક્ત સર્વ ગુણો ધરાવે છે. હવે જો જીવ અને પ્રકૃતિને અનાદિ, નિત્ય માનવામાં ન આવે, તો ઈશ્વરના ઉક્ત સર્વ ગુણો નિરર્થક સાબિત થાય છે. કારણ કે સૃષ્ટિ-ઉત્પત્તિ પહેલાં તે કોનો ન્યાય કરતો હતો ? કોની ઉપર દયા કરતો હતો ? કોનો સ્વામી હતો ? દાતા હતો, તો શું દાન કરતો હતો ? આથી આર્યસમાજ દ્વારા પ્રતિપાદિત વૈદિક ત્રૈતવાદ (= ઈશ્વર, જીવ અને પ્રકૃતિ ત્રણ અનાદિ સત્તાઓ છે એવું દર્શન) એક સ્વાભાવિક અને સહજ દર્શન છે. એનો સ્વીકાર કર્યા વિના જગતનો કોયડો અન્ય કોઈ રીતે ઉકેલી શકાય તેમ નથી.

કેટલાંક લોકો કહે છે કે, સૃષ્ટિ અકસ્માત (By Chance) બની ગઈ છે. પરંતુ યાદ રાખવું જોઈએ કે, "There can be no chance where there is law." જ્યાં નિયમ હોય ત્યાં અકસ્માત કશુંય થઈ જ નથી શકતું. ડૉ. સત્યપ્રકાશજીનું કથન યથાર્થ છે - "Order would certainly appear to be nature's first law." અર્થાત્ વ્યવસ્થા-નિયમબદ્ધતાએ સૃષ્ટિનો પ્રથમ નિયમ પ્રતીત થાય છે.

"Dayananda says that law itself has no potentiality to bring about any action." અર્થાત્ દયાનંદનું કહેવું છે કે, નિયમ સ્વયં પોતાની મેળે કાર્યાન્વિત થઈ શકે નહિ. નિયમ માટે કોઈ નિયામક જોઈએ. જો સંસારમાં અનિયમિતતા જોવા મળતી હોત તો તેનાથી નાસ્તિકતાને સમર્થન પ્રાપ્ત થાત. પરંતુ એવું નથી.

"Where there is a design, there must be a purpose in the brain of the designer." અર્થાત્ જેમાં ક્યાંય કોઈ રૂપરેખા જોવા મળે છે, ત્યાં એ રૂપરેખા બનાવનારના મસ્તિષ્કમાં (જ્ઞાનમાં) ઉદ્દેશ્ય જરૂર હોવાનો. સૃષ્ટિમાં આપણને સર્વત્ર રૂપરેખા અને ઉદ્દેશ્ય બંને નજરે પડે છે. આથી એ સિદ્ધ થાય છે કે, કોઈ સર્વજ્ઞ સત્તાએ આ સૃષ્ટિની રચના કરી છે.

જો આપણે આર્યસમાજના વૈદિક દર્શનના સંબંધમાં નિમ્ન બિંદુઓને હંમેશાં સામે રાખીશું, તો જગતનો કોયડો ઉકેલવામાં ઘણી જ સહાયતા મળી રહેશે.

(૧) વૈદિક દર્શન યથાર્થવાદી છે. એ કલ્પનાઓ પર આધારિત કોરું આદર્શવાદી દર્શન નથી.

(૨) વૈદિક દર્શન ઈશ્વર-કેન્દ્રિત નથી, બલ્કે જીવ કેન્દ્રિત છે. વેદ એમ જણાવે છે કે, આ જગત પ્રભુએ પોતાના માટે નથી રચ્યું; એ તો જીવોના કલ્યાણ અને ઉત્થાન માટે રચવામાં આવ્યું છે.

(૩) વૈદિક દર્શન અદ્વૈતવાદી નથી, ત્રૈતવાદી છે. અર્થાત્ ત્રણ અનાદિ, અનુત્પન્ન, નિત્ય સત્તાઓ (ઈશ્વર-જીવ-પ્રકૃતિ) ને માનીને ચાલે છે.

(૪) વૈદિક દર્શન જીવના કર્મ-સ્વાતંત્ર્યને માન્ય રાખે છે, આથી આશાવાદી છે, નિરાશાવાદી નથી.

(૫) વૈદિક દર્શન પરહિતવાદી છે, વ્યક્તિવાદી નથી.

(૬) વૈદિક દર્શન પ્રાર્થના, પૂજા અને ઉપાસનાનું પ્રયોજન આત્મશુદ્ધિ માને છે. ઉપાસના કંઈ પરમાત્મા માટે નથી કરવામાં આવતી. એ તો મનુષ્યની શાંતિ, આત્મવિશ્વાસ, આત્મબળ અને ઉત્થાન-વિકાસ માટે કરવામાં આવે છે.

પં.ગંગાપ્રસાદ ઉપાધ્યાયે લખ્યું છે - "સાચી વાત એ છે કે, આપણે આપણા સંસારને પ્રભાવિત કરીએ છીએ, અને આપણો સંસાર આપણને પ્રભાવિત કરે છે. આપણે સંસારને બનાવીએ તો છીએ, પરંતુ સો ટકા નહિ. એવી જ રીતે સંસાર પણ આપણને બનાવે છે, પરંતુ સો ટકા નહિ. આથી એ સિદ્ધ થાય છે કે, સંસારનું અને આપણું પૃથક પૃથક્ અસ્તિત્વ છે, ભલે બંને એકબીજા સાથે ઘનિષ્ઠ રીતે જોડાયેલાં રહ્યાં." (સૃષ્ટિ હમારી દૃષ્ટિ મેં)

**લેખક : પ્રો. રાજેન્દ્ર 'જિજ્ઞાસુ'** **રજૂઆત : ભાવેશ મેરજા**

**મહર્ષિ દયાનંદ સારસ્વતી નિર્વાણ દિન નિમિત્તે**

**અગ્નિપથને**
**હાર્દિક અભિનંદન .........**

નાત્માનમવમન્યેત પૂર્વાભિરસમૃદ્ધિભિઃ ।
આમૃત્યોં શ્રિયમન્વિચ્છેન્નેના મન્યેત દુર્લભામ્ ॥
मनुस्मृति १३७ (३२)

જે ગૃહસ્થો પ્રથમ પુષ્કળ ધનવાન હોય અને પછી નિર્ધન સ્થિતિમાં આવી પડે તો તે વખતે પોતાના આત્માનું અપમાન અથવા વિલાપ કદી ન કરવો, કિન્તુ મરણ પર્યન્ત લક્ષ્મી મેળવવા માટે પુરુષાર્થ કરવો અને તે દુર્લભ છે એમ કદી પણ ન સમજવું.

**રાજેષભાઈ પ્રવિણચંદ્ર પારેખ**
**શ્રીમતી હીનાબેન રાજેષભાઈ પારેખ**

**મહર્ષિ દયાનંદ સારસ્વતી નિર્વાણ દિન નિમિત્તે**

**અગ્નિપથને**
**હાર્દિક અભિનંદન .........**

મંગલાચારયુક્તઃ સ્યાત્પ્રતાત્મા જિતેન્દ્રિયઃ ।
જપેચ્ચ જુહુયાચ્ચૈવ નિત્યમગ્નિમતન્દ્રિતઃ ॥
मनुस्मृति १४५ (३६)

કલ્યાણકારી કાર્યોમાં લાગી રહેનાર કે શ્રેષ્ઠ આચરણવાળા, હંમેશા ઉન્નતિને માટે પ્રયત્નશીલ, જિતેન્દ્રિય રહે અને દરરોજ આળસ રહિત થઈને જપ-ઉપાસના કરે તથા અગ્નિમાં હવન કરે.

**હરેશભાઈ અઢિયા રાજકોટ**

**મહર્ષિ દયાનંદ સારસ્વતી નિર્વાણ દિન નિમિત્તે**

**અગ્નિપથને**
**હાર્દિક અભિનંદન .........**

ભદ્રં ભદ્રમિતિ બ્રૂયાદ્ભદ્રમિત્યેવ વા વદેત્ ।
શુષ્કવૈરં વિવાદં ચ ન કુર્યાત્કેનચિત્સહ ॥
मनुस्मृति १३९ (३४)

સદા ભદ્ર અર્થાત્ સર્વને હિતકારી વચન બોલ્યા કરે. શુષ્ક વૈર અર્થાત્ વિના અપરાધ કોઈની સાથે વિરોધ કે વિવાદ કરવો નહિ. જે બીજા માટે હિતકારી હોય અને ખરાબ પણ માને તો પણ તેને કહ્યા વગર રહે નહિ.

**અનીલભાઈ રાવલ રાજકોટ**

**મહર્ષિ દયાનંદ સારસ્વતી નિર્વાણ દિન નિમિત્તે**

**અગ્નિપથને**
**હાર્દિક અભિનંદન .........**



મહાન સુધારક મહર્ષિ દયાનંદ સારસ્વતીજીના ૧૩૦મા નિર્વાણ દિન નિમિત્તે શત્ શત્ વંદન....

**પ્રવિણાબેન ચંદ્રકાંત વાઘેલા (જુનાગઢ)**
**આલોક ચંદ્રકાંત વાઘેલા (જુનાગઢ)**
**અમીબેન આલોક વાઘેલા (જુનાગઢ)**

**મહર્ષિ દયાનંદ સારસ્વતી નિર્વાણ દિન નિમિત્તે**

॥ ओ३म ॥
आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः ।

**આર્ય વૈદિક સંસ્કૃતિના ઉચ્ચ શ્રેષ્ઠ આચાર વિચારો અને આર્યસમાજો, વેદપ્રચારકો દ્વારા થતાં વિવિધ કાર્યક્રમોની મહત્વપુર્ણ જાણકારી, જ્ઞાન-વિજ્ઞાન, આપનાર ક્રાંતિકારી 'અગ્નિપથ' સાપ્તાહિકના કર્મઠ સંપાદકશ્રી તથા તેમની સમગ્ર ટીમને હાર્દિક અભિનંદન તથા શુભકામના..**

**શશાંકશેખર સોલગાંવકર (આર્ય) પરિવાર**
**ધ્રાંગધ્રા**

**મહર્ષિ દયાનંદ સારસ્વતી નિર્વાણ દિન નિમિત્તે**

**અગ્નિપથને**
**હાર્દિક અભિનંદન .........**

સત્યં બ્રૂયાત્પ્રિયં બ્રૂયાન્ન બ્રૂયાત્સત્યમપ્રિયમ્ ।
પ્રિયં ચ નાનૃતં બ્રૂયાદેષ ધર્મઃ સનાતનઃ ॥
मनुस्मृति १३८ (३३)

સદા પ્રિય, સત્ય અને હિતકારક બોલે, અપ્રિય સત્ય અર્થાત્ કાણાને કાણો ન કહે, અનૃત અર્થાત્ જૂઠું, બીજાને પ્રસન્ન કરવા અર્થે પણ બોલે નહિ. આ સનાતન ધર્મ છે.

**ઘનશ્યામસિંહ ચુડાસમા**
**મોરબી**

OWNER, PRINTER, PUBLISHER & EDITOR : ARVIND K. RANA PRINTED AT MUDRANKAN OFFSET, PLOT NO. 905/5/B, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR.
PUBLISHED FROM : PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021. PHONE : (079) 23210071 E-MAIL : agnipathweekly@yahoo.com